મહત્તમ : ૨૯.૨ ડીગ્રી
લઘુતમ : ૧૨.૧ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૪૬ ટકા

**ગાંધીનગર તાપમાન**

# શિયાળાનું સ્વાદિષ્ટ ઉંધિયું લગ્નોમાં હોટફેવરિટ

## શિયાળામાં વિવિધ પ્રકારના શાકભાજી સરળતાથી મળી રહેતા ઉંધિયું બનાવવામાં સરળતા : ડીસેમ્બરમાં લગ્ન પ્રસંગોની ભરમાર છે જેમાં ભોજનની થાળીમાં ઉંધિયું, પુરી, બાજરીનો રોટલો અન્ય શાકને ફિક્કા પાડી રહયા છે

ગાંધીનગર, તા.૬

ગુજરાત ઘર હોય અને શિયાળાની સીઝન હોય તો આ ઉંધિયાનું શાક ન બને તો નવાઈ લાગે. શિયાળાની મોસમ અને એમાંય લગ્નોની ભરમાર રહેતા શિયાળાનું પ્રખ્યાત સ્વાદિષ્ટ ઉંધિયું ઓન ડિમાન્ડ છે. જયારે ઘરે ઘરે પણ ઉંધિયાની જમાવટ ચાલુ થઈ ગઈ છે. ઉંધિયાનું શાક, બાજરીનો ગરમાગરમ રોટલો સાથે ઘી-ગોળ અને છાશ ખાવાની મજા અલગ જ હોય છે. શિયાળાની સીઝનમાં અનેક પ્રકારના શાકભાજી મળી રહેતા હોય છે જેના કારણે સરળતાથી થોડી મહેનત સાથે આ સ્વાદિષ્ટ શાક બનાવીને મજા લઈ શકાય છે. બહાર પણ આ શાક સરળતાથી મળી રહે છે. આ એક એવી શિયાળુ વાનગી છે જેમાં દક્ષિણ ગુજરાતમાં ઉગાડવામાં આવતાં શાકભાજીઓ વપરાય છે. અન્ય શાક સાથે તેમાં સુરતી પાપડી, કાચુ કેળુ, કોળુ, શકકરીયા વપરાય છે. આ શાકને એક મસાલેદાર રસામાં પકવવામાં આવે છે. જેમાં કયારેક કોપરુ પણ વપરાય છે. સુરતી ઉંધિયું ઉંધિયાનો એક પ્રકાર છે જેને લગ્ન આદી પ્રસંગે પુરી સાથે પીરસવામાં આવે છે. આ પણ એક મિક્સ શાક છે જે લીલી તુવેર, ખમણેલુ કોપરુ આદિ વાપરવામાં આવે છે અને અધકચરા વાટેલા સિંગદાણા, છીણેલુ કોપરુ, કોથમીરથી સજાવવામાં આવે છે. શહેરમાં સોસાયટીઓ અને સેકટરોમાં રહેતા શહેરીજનો ભેગા થઈને ઉંધીયાની પાર્ટીનો આનંદ માણે છે. દર શિયાળામાં બાજરીના રોટલા સાથે ઉંધિયાનું શાક સાથે લસણની ચટણી, છાશની જમાવટ ફુલગુલાબી ઠંડીમાં જોવા મળે છે. હાલમાં લગ્નોની ભોજન ડીસમાં પણ ઉંધિયાનું શાક ઠેરઠેર જોવા મળી રહયું છે. શિયાળામાં અન્ય શાકને ફિક્કુ પાડવા માટે ઉંધિયાનું શાક નંબર વન ગણાય છે.

શહેરમાં ખાણીપીણી બજારોમાં પણ ગરમાગરમ ઉંધિયાનું શાક ઓનડીમાન્ડ ચાલી રહયું છે. ડીસેમ્બરમાં લોકો મનભરીને ઉંધિયાની જયાફત માણશે. ફરસાણની દુકાનોમાં પણ લોકો ઉંધિયાની ખરીદી કરતાં જોવા મળી રહયા છે.



## જન્મદિને વધામણી




**પ્રકાશ લાલા**
વરિષ્ટ નાટ્યકાર અને સિનિયર વાઈસ પ્રેસિડેન્ડ ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો : ૯૪૨૬૦૮૪૬૩૨



**વસંતબેન સુરેશ ભટ્ટ**
મો. ૨૩૨૨૬૨૫૧




**અંજનાબેન બિપીનભાઈ રાવલ**
મેને. ટ્રસ્ટી, શાંતિનિકેતન પ્રાથમિક અને માધ્યમિક શાળા
મો. ૯૧૫૭૩ ૯૪૨૬૭



**કૃપાબા પંકજસિંહ બિહોલા**



**સંકેત ગોર**
મો. ૯૮૨૪૬ ૪૫૬૭૧



**વિધિબા ધવલસિંહ રાજપૂત**



**કવિષા ચિરાગકુમાર જોષી**

# સેકટર-૨માં ૮૬ વર્ષની વયે મતદાન મથકે જઈ વોટ આપ્યો

## ઘરે બેઠા વોટિંગની કામગીરીથી અજાણ રહી જતાં નિરંજન દાદાને મતદાન મથકે જઈને વોટિંગ કરવું પડયું

ગાંધીનગર, તા.૬

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને પગલે મતદારોમાં કયાંય ઉત્સાહ દેખાયો તો કયાંક નિરસતા જોવા મળી હતી. જેમાં નિરસતા ધરાવતાં મતદારો માટે પ્રેરણારૂપ બને તેવા ઉદાહરણ પણ જોવા મળ્યા હતા. સિનિયર સીટીઝનોએ વહેલી સવારથી મત આપવા માટે ઉત્સાહ બતાવ્યો હતો. સેકટર-૨/એમાં રહેતા ૮૬ વર્ષીય નિરંજન ઓઝા વ્હીલચેર પર બેસીને મતદાન કરવા પહોંચ્યા હતા. આ દાદા પંદર ડગલાં પણ ચાલી શકતા નથી પણ પોતાનો કિંમતી મત આપવા માટે પોતાના પરિવારજનોને આગળ કરી તેમની મદદથી મતદાન માટે પહોંચ્યા હતા. જયારે ઘરે બેઠા વોટીંગ થઈ શકે તેવું રજીસ્ટ્રેશન સોશિયલ મીડીયામાં આવ્યું હતું પણ તે જાણકારીથી અજાણ રહયા હતા જેથી રજીસ્ટ્રેશનની તારીખ જતી રહી હતી અને જયારે ખબર પડી કે પાછળથી કે હવે ઘરે બેઠા મત નહીં કરી શકાય ત્યારે થોડા નિરાશ થયા હતા તેમ તેમના પરિવારના સભ્યોએ જણાવ્યું હતું. પરંતુ પોતાના મનોબળને મજબુત કરીને યુવાનો માટે સારુ ઉદાહરણ પુરુ પાડયું છે. તેઓએ ઉત્સાહપુર્વક મતદાન મથકે જઈને વોટીંગ કર્યુ હતું. જેમને ખરેખર સલામ છે..

ચૂંટણી પંચમાંથી સર્વે માટે ગયેલા કાર્યકરો નિરંજન દાદાના ઘરે પહોંચ્યા હતા પરંતુ તેમને અધુરી વિગતો આપીને રવાના થયા હતા જેથી ઘરે બેઠા વોટીંગની સુવિધા તેમને મળી નથી.





માં મેલડી ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

# સે-૫/એની સોસાયટીમાં ગટરના ગંદા પાણી ભરાવાથી રોગચાળાનો ભય

## ખોદકામ વખતે ગટરલાઈન તૂટી જતાં સોસાયટીમાં ગટરનું પાણી ભરાયું : અસહ્ય દુર્ગંધ ફેલાઈ રહી છે

ગાંધીનગર, તા.૬

શહેરના વિકાસ માટે ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે ત્યારે શહેરમાં સે-૫/એમા છેલ્લા ઘણા દિવસોથી પાણીની પાઈપલાઈનો તુટી જવાથી લઈ વીજ વાયરો ડેમેજ થવાની ફરીયાદો ઉઠી રહી છે. તાજેતરમાં સે-૫/એમાં પાણીની પાઈપલાઈનના ખોદકામ વખતે ગટરલાઈન અને પાણીની લાઈન તુટી જતાં સોસાયટીમાં પાણી ભરાઈ ગયું છે. ગટરના પાણીના કારણે અસહય દુર્ગંધ ફેલાઈ રહી છે. શહેરમાં જાહેર માર્ગો ઉપર પાઈપલાઈનોના કામકાજ શરૂ થતાંની સાથે જ લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. ખાસ કરીને ગટરની પાઈપલાઈનોના કામકાજ દરમિયાન સ્થિતિ વણસી જાય છે. સોસાયટીમાં પાણી ભરાઈ જતાં વાહનોની અવરજવરથી લઈ લોકોની હાલત કફોડી થઈ છે. કારણકે ગટરના પાણીની દુર્ગંધ લોકોને નાક બંધ કરવા પર મજબુર કરી રહી છે. લોકોને ઘરમાં રહેવું મુશ્કેલરૂપ બનવા પામ્યું છે. વધારે દિવસો સુધી પાણીનો ભરાવો રહેતા રોગચાળાની ભીંતી સર્જાઈ રહી છે. વસાહતીઓમાં પણ કામગીરી બાબતે રોષ વ્યાપ્યો છે. શહેરમાં વારંવાર ગટર પાણીની પાઈપલાઈનોમાં ભંગાણ અને ખોદકામ વખતે બેદરકારી રાખવાથી પાઈપલાઈનો લીકેજ થઈ જાય છે. જેના કારણે શહેરીજનોને હાલાકી ભોગવાનો વારો આવે છે. શહેરમાં ઘણા મહીનાથી નાની-મોટી લાઈનો માટેના ખોદકામ થઈ રહયા છે. જાહેર માર્ગોની આસપાસ કામગીરી થઈ હોવાના દ્રશ્યો પણ જોવા મળી રહયા હોય તો કયાંક ખાડાઓનું પુરાણ બાકી હોય તો કયાંક લાઈનોમાં સરખી રીતે પુરાણ થયું ન હોય. ઝડપી કામગીરી કરવા જતાં કોન્ટ્રાકટરો અધુરી કામગીરી છોડીને જતા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. રાત્રી દરમિયાન વાહનચાલકોને પણ ખાડાઓ નજરે ન આવતા અકસ્માત સર્જાય છે. આમ શહેરમાં ચાલતાં ખોદકામોએ લોકોને પરેશાન કરી મુકયા હોય તેવું જણાઈ રહયું છે.



# આજે સશસ્ત્ર સેના ધ્વજ દિવસે રાજયપાલશ્રી દ્વારા વધુમાં વધુ ફાળો આપવા માટે અપીલ

દેશની સુરક્ષા માટે સરહદો પર બહાદુરીપૂર્વક લડતા સૈનિકો તેમજ શહીદોના સન્માન માટે સમગ્ર દેશમાં ૭મી ડિસેમ્બરના રોજ 'સશસ્ત્ર સેના ધ્વજ દિન' ઉજવવામાં આવે છે. દેશના સીમાડાઓના રક્ષણ કરતાં પોતાનું જીવન ન્યોચ્છાવર કરનાર શહીદ સૈનિકોના સન્માન માટે પ્રત્યેક નાગરિક 'સશસ્ત્ર સેના ધ્વજ દિવસ' ની ઉજવણીનો ભાગ બને એવા પ્રયાસ કરવામાં આવે છે. આ દિવસે લોકો શહીદો, ભારતના વર્તમાન તેમજ ભૂતપૂર્વ સૈન્ય કર્મચારીઓ પ્રત્યે તેમની કૃતજ્ઞતા વ્યક્ત કરે છે, અને દેશની સેવામાં મૃત્યુ પામેલા સૈનિકોનું સ્મરણ કરી યથાયોગ્ય અનુદાન અર્પણ કરે છે. આ દિવસે ભારતીય ધ્વજ, બેજ, સ્ટીકરો અને અન્ય વસ્તુઓના વેચાણ દ્વારા ભંડોળ એકત્ર કરીને સશસ્ત્ર દળોના કર્મચારીઓ અને શહીદ સૈનિકોના પરિવારને સહાયરૂપ થવાનો તેમજ યુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકો, સેવા આપતા કર્મચારીઓ તેમજ ભૂતપૂર્વ સૈનિકો અને તેમના પરિવારોનું પુનર્વસન અને કલ્યાણ કરવાનો છે. ભારતે સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા બાદ તરત જ, સરકારને તેના સંરક્ષણ કર્મચારીઓના કલ્યાણનું સંચાલન કરવાની જરૂરિયાત ઊભી થઈ. ૨૮ ઓગસ્ટ, ૧૯૪૯ ના રોજ, સંરક્ષણ પ્રધાન હેઠળ રચાયેલી સમિતિએ દર વર્ષે ૭ ડિસેમ્બરે ધ્વજ દિવસ મનાવવાનું નક્કી કર્યું. ધ્વજ દિવસ મનાવવા પાછળનો વિચાર સામાન્ય લોકોને નાના ધ્વજ વિતરીત કરી તેના બદલામાં દાન એકત્રિત કરવાનો હતો. દેશ માટે લડતા સશસ્ત્ર દળોના જવાનોના પરિવારો અને આશ્રિતોની સંભાળ લેવાની ભારતીય નાગરિકો તેમની જવાબદારી સમજે તે પણ આ ધ્વજ દિવસની ઉજવણી માટેનો અન્ય એક હેતુ હતો. મૂળ ધ્વજ દિવસ ભંડોળની સ્થાપના ૧૯૪૯માં સંરક્ષણ મંત્રીની સમિતિ દ્વારા કરવામાં આવી હતી. ૧૯૯૩ માં, ભારતના સંરક્ષણ મંત્રાલયે સંબંધિત કલ્યાણ ભંડોળને એક સશસ્ત્ર દળ ધ્વજ દિવસ ફંડમાં એકીકૃત કર્યુંહતુ. કેન્દ્રિય સૈનિક બોર્ડ કે જે સંરક્ષણ મંત્રાલયનો એક ભાગ છે, તેની સ્થાનિક શાખાઓ દ્વારા સમગ્ર દેશમાં ભંડોળ સંગ્રહનું સંચાલન કરવામાં આવે છે. સંગ્રહનું આયોજન સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા સત્તાવાર અને બિન-સત્તાવાર માધ્યમો દ્વારા કરવામાં આવે છે. ભૂતપૂર્વ સૈનિકો અને તેમના આશ્રિતોનું કલ્યાણ એ કેન્દ્ર સરકાર તેમજ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોની સંયુક્ત જવાબદારી છે. કેન્દ્રમાં કેન્દ્રિય સૈનિક બોર્ડની જેમ, રાજ્ય/જિલ્લા સૈનિક બોર્ડ તેમના સંબંધિત રાજયો/કેન્દ્રશાસિત પ્રદેશો/જિલ્લાઓમાં રહેતા ભૂતપૂર્વ સૈનિકો, વિધવાઓ અને તેમના આશ્રિતો માટે નીતિ ઘડતર અને પુનર્વસન અને કલ્યાણ યોજનાઓના અમલીકરણ માટે જવાબદાર છે. આ સંબંધમાં કેન્દ્ર સરકારને મદદ કરવા માટે, દેશમાં ૩૨ રાજ્ય સૈનિક બોર્ડ અને ૩૯૨ જિલ્લા સૈનિક બોર્ડ છે. કેન્દ્રિય સૈનિક બોર્ડના સેક્રેટરી રાજયો/કેન્દ્રના સૈનિક કલ્યાણ વિભાગને ભૂતપૂર્વ સૈનિકો, વિધવાઓના પુનર્વસન અને કલ્યાણ માટેની નીતિઓ અંગે સલાહ આપે છે. આ ઉપરાંત સેવામાંથી અમાન્ય ઠરેલા ભૂતપૂર્વ સૈનિકો, તેમના આશ્રિતો, વિધવાઓ, વિકલાંગ કર્મચારીઓના પુનર્વસનમાં નીતિઓ અને સફળતાના અમલીકરણ અંગે નિયામક, સૈનિક કલ્યાણ સચિવ અને જિલ્લા સૈનિક કલ્યાણ અધિકારી/સચિવ પાસેથી અહેવાલો માંગે છે.

# જયોતિષોની દ્રષ્ટિએ એક્ઝિટ પોલ ખોટા પડશે : ત્રિશંકુ વિધાનસભાની આશંકા...

ગાંધીનગર, તા.૬

બીજા તબક્કાની ચૂંટણી બાદ ગઈ મોડી સાંજે જાહેર થયેલા વિવિધ એક્ઝિટ પોલમાં એવુ તારણ નિકળ્યુ છે કે, ભાજપ સતત ૭મી વખત ગુજરાતમાં સરકાર બનાવશે. જયારે કોંગ્રેસ અને આપના સુપડા સાફ થઈ રહ્યાં છે. આ વરતારા વચ્ચે હવે જયોતિષિઓ પણ મેદાનમાં આવી ગયા છે. મતદાનના દિવસોની કુંડળીઓને જોઈને તેઓએ એવો વર્તારો આપ્યો છે કે, ૮મીએ જાહેર થનારા પરિણામમાં કોઈપણ પક્ષને સ્પષ્ટ બહુમતિ મળી શકશે નહી, ત્રિશંકુ ધારાસભાની શક્યાતઓ પણ છે. આમ જયોતિષ શાસ્ત્રની દ્રષ્ટીએ એક્ઝિટ પોલ મુજબના પરિણામો આવી રહ્યાં નથી. તેઓએ હવે અન્ય ટોચના જયોતિષિઓ પાસે પરિણામ શું હોઈ શકે તેનો વરતારો કાઢવાનુ શરૂ કર્યુ છે.







ભાજપની ભવ્ય જીતનો વરતારો છત્તા શેરબજાર તૂટ્યુ છે. મોટાભાગના એક્ઝિટ પોલના વરતારો હોય ત્યારે શેરબજાર વધતુ હોય છે. કદાચ પ્રથમ વખત એવુ બન્યુ છે કે, ભાજપને સ્પષ્ટ અને જાહેર થનારા પરિણામો એક્ઝિટ પોલના તારણો કરતા જૂદા આવી શકે છે.

વરતારા મુજબ ગુજરાતમાં ભાજપ ફરીથી સત્તાના સૂત્રો સંભાળશે. જેને લઈને ગઈકાલથી જ શેરબજારના સટ્ટોડીયાઓ ગેલમાં હતા. શેરબજાર ૫૦૦ કે ૭૦૦ પોઈન્ટ ઉપર ખુલશે એવી ગણતરી મુકાતી હતી. દર વખતે ભાજપની તરફેણમાં પરિણામો આવવાનો જંગી બહુમતિ મળશે તેવા તારણો નિકળ્યા હોવા છત્તા શેરબજાર વધવાને બદલે આજે તૂટ્યુ છે. સવારે બજારમાં ૩૦૦થી વધુ પોઈન્ટનો કડાકો બોલી ગયો હતો. અનેક સ્ક્રિપ્ટના ભાવોમા ઘટાડો નોંધાયો છે. જેને લઈને આશંકા વ્યક્ત કરાઈ રહી છે કે, ૮ મીએ

## શનિની ગુરૂ પરની દ્રષ્ટીથી પરિણામ રસપ્રદ બનશે

૧લી ડીસેમ્બરની સવારની કુંડળી જોતા એવો વરતારો કરાયો છે કે, કોઈપણ રાજકીય પક્ષ માટે તેમણે ધારેલા પરિણામો નહી આવે. હંગ એસેમ્બલીની પૂરી શક્યાતાઓ છે. કેમકે લગ્નને મંગળ વક્રી, સાતમાંને લાભેશ અસ્તના ( શુક્ર-બુધ ) ઘર ફૂટે ઘર જાય, છટ્ઠાનો માલીક સાતમે, શનિ સ્વગ્રહી ગુરૂ પર દ્રષ્ટી લગ્નેશ, મહત્વની ભૂમિકા રહે છે. જયારે તા. ૫ મીના દિવસની કુંડળી મુજબ, ભાગ્યેશ ચંદ્ર પણ ભાગ ભજવે. બીજા કુટંબ સ્થાનના માલીક ગુરૂ પર શનીની દ્રષ્ટી. ફરક ચંદ્રનો છે. આમ ૧ અને ૫ ડીસેમ્બરના દિવસની કુંડળી જોતા રાહુ પણ મહત્વનો ભાગ ભજવશે. જયોતિષિઓએ એવુ તારણ કાઢ્યુ છે કે, સેનાપતિ વક્રી મંગળની દ્રષ્ટી, સુર્ય, શુક્ર ઉપર ચોથી કર્મ ઉપર આ દિવસના પરિણામ આશ્ચર્યજનક જોવા મળશે. શનીની ગુરૂ પરની દ્રષ્ટીથી પરિણામ રસપ્રદ બનશે.

## શ્રી વિશ્વકર્મા સમાજ દ્વારા ૧૧મીએ સ્નેહમિલન

ગાંધીનગર, તા.૬

શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, ગાંધીનગર દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ તથા સ્નેહમિલનનો કાર્યક્રમ આગામી તા.૧૧ ડીસેમ્બર રવિવારે બપોરે બે કલાકે શ્રી વિશ્વકર્મા સેવા સમાજ, સે-૧૨ના હોલમાં રાખવામાં આવ્યો છે. સમાજના સૌ સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પ્રજાપતિ લાલભાઈ બાબુભાઈ ઉ.વ.૪૪, સેકટર-૨૪
- સ્વ.વાળંદ સવિતાબેન રમણભાઈ ઉ.વ.૫૮, શિહોલી મોટી
- સ્વ.મકવાણા રૂપસિંહ કરશનભાઈ ઉ.વ.૮૩, સેકટર-૨૨
- સ્વ.ગજજર કુસુમબેન કનૈયાલાલ ઉ.વ.૮૨, પેથાપુર

● રૂદ્રભૂમિ ●

- સ્વ.પટેલ બાબુલાલ ભગવાનદાસ ઉ.વ.૭૧, કોબા